Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science
ISSN: 2279 - 0241
Continuous issue-22 | June – July 2016

# લોર્ડ કર્ઝનની સામ્રાજ્યવાદીનીતિ : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન

**પ્રસ્તાવના**

લોર્ડ રિપનનાં ભારતમાંથી ગયા બાદ લગભગ ઈ.સ.૧૮૮૪ થી ઈ.સ.૧૮૯૯ દરમિયાન ક્રમશ: લોર્ડ ડફરિન(૧૮૮૪-૧૮૮૮), લોર્ડ લૈન્સડાઉન (૧૮૮૮-૧૮૯૩) તથા લોર્ડ એલ્જિન (ઈલ્જીન) દ્વિતીય (૧૮૯૪-૧૮૯૯) ભારતનાં વાઈસરોય બન્યાં હતાં. તેઓનાં શાસન દરમિયાન ક્રમશઃ ભારતની આંતરિક વ્યવસ્થા અવ્યવસ્થિત થતી ગઈ હતી. એટલા માટે જ બ્રિટીશ સરકારે ઈ.સ.૧૮૯૯માં ભારતના વાઈસરોય તરીકે લોર્ડ કર્ઝનની નિમણૂક કરી, તેને ભારત મોકલ્યો હતો.

બ્રિટીશ સરકારે લોર્ડ કર્ઝનને જે જવાબદારીઓ સાથે ભારતનો વાઈસરોય બનાવીને ભારતમાં મોકલ્યો હતો. તે જવાબદારીઓ મુખ્યત્વે બે પ્રકારની હતી – પ્રથમ તો ભારત અને તેની આસપાસનાં દેશોમાં બ્રિટીશ સામ્રાજ્યવાદનો વિકાસ કરવો

અને તેની રક્ષા કરવી, બીજા પ્રકારની જવાબદારીમાં તેણે ભારતની આંતરિક વ્યવસ્થા કે જે ઘણા લાંબા સમયથી આવ્યવ્સ્થિત થઇ ગઈ હતી, તેને વ્યવસ્થિત કરી ભારતમાંના બ્રિટીશ વહીવટ કે શાસનતંત્રને મજબૂત બનાવવાની હતી. તેણે અપનાવેલી સામ્રાજ્યવાદી નીતિએ ઇતિહાસમાં તેને એક સામ્રાજ્યવાદી વાઈસરોય તરીકે ઓળખાવ્યો છે.



લોર્ડ કર્ઝન
શાસનકાળ ૧૮૯૯ -૧૯૦૫

**લોર્ડ કર્ઝનની સામ્રાજ્યવાદી નીતિ :**

લોર્ડ કર્ઝનની સામ્રાજ્યવાદી નીતિ કે વિદેશીનીતિનો મુખ્ય ઉદેશ્ય બ્રિટનનાં સામ્રાજ્યવાદી હિતોની રક્ષા કરવાનો હતો. તે એશિયાનાં દેશો ઉપર બ્રિટીશ વર્ચસ્વ બનવી રાખવા માંગતો હતો, કે જેથી કોઈ અન્ય સત્તા આ પ્રદેશો ઉપર પોતાનું આધિપત્ય જમાવી ન શકે. એશિયાઈ દેશો પ્રત્યેની તેની પોતાની નીતિ વિશે લોર્ડ કર્ઝને પોતે જ સ્પષ્ટતા કરતાં કહેલું કે, “ અમે આ એશિયાઈ દેશોને અમારા હસ્તક કરવા ઈચ્છતા નથી, પરંતુ અમે એ પણ નથી ઇચ્છતા કે કોઈ અન્ય દુશ્મન તેઓને પોતાના હસ્તક કે આધીન કરી લે. ” આ બાબતથી તેની સામ્રાજ્યવાદી નીતિ સ્પષ્ટ થાય છે. તેણે અગ્રગામી (આગળ વધો)ની નીતિ અપનાવી પોતાની સામ્રાજ્યવાદી છબીને ઉજાગર કરી હતી. તેની મોટા ભાગની સામ્રાજ્યવાદી નીતિ ભારતનાં ઉત્તર પશ્ચિમી સીમા

પ્રાંતો, અફઘાનિસ્તાન, અખાતી વિસ્તાર, ફારસ (ઈરાન), તિબેટ વગેરે દેશો સાથે તેને અપનાવેલ નીતિઓથી સ્પષ્ટ થાય છે.

**ઉત્તર પશ્ચિમ સીમા પ્રાંત પ્રત્યેની નીતિ**

લોર્ડ કર્ઝને સામ્રાજ્યવાદી નીતિના ભાગરૂપે સૌપ્રથમ ભારતના ઉત્તરપશ્ચિમી સીમા પ્રાંતમાં વસેલા કબાયલીઓ પ્રત્યે અપનાવી હતી. ક્બાયલીઓ ભારતના ઉત્તરપશ્ચિમ સીમાંત પ્રદેશમાં વસેલાં હતા. તેઓ હંમેશાં અંગ્રેજોનાં વિસ્તારો ઉપર હુમલાઓ કરીને બ્રિટિશ સરકારને ઘણું જ નુકસાન પહોંચાડતા હતા. લોર્ડ એલ્જિન બીજાના સમયે પણ ક્બાયલીઓએ આ સીમાંત પ્રદેશોમાં ઘણો જ ઉપદ્રવ અને અવ્યવસ્થા સર્જી હતી. પરિણામ સ્વરૂપે ઈ.સ.૧૮૯૯ માં જ લગભગ 10,000 (દસ હજાર) જેટલા બ્રિટિશ સેનાના સૈનિકોને આ કબાયલીઓ ઉપર કાબૂ મેળવવા મોકલવામાં આવ્યાં હતાં. પરંતુ જ્યારે વાઈસરોય તરીકે લોર્ડ કર્ઝન આવ્યો ત્યારે તેણે આ સમસ્યા ઉપર વિશેષ ધ્યાન આપ્યું. તેણે " સૈનિક તથા આર્થિક મદદની મિશ્ર નીતિ " અપનાવી. સમગ્ર સીમાંત પ્રાંત અને ઉત્તરપશ્ચિમી ક્ષેત્રમાં રેલવે અને રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું. લોર્ડ કર્ઝને કબાયલીઓને એ બાબતોનું આશ્વાસન આપ્યું કે જ્યાં સુધી ક્બાયલીઓ શાંતિપૂર્વક રહેશે ત્યાં સુધી ભારત સરકાર તેઓનાં હિતો અને સ્વતંત્રતાની રક્ષા કરશે તેમંજ તેઓની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ (દખલગીરી કે દરમિયાનગીરી) નહી કરે.

વહીવટી સરળતા ખાતર કર્ઝને સિંધુ નદીના પશ્ચિમી પ્રદેશને પંજાબ પ્રાંતથી અલગ કરી દીધો. આ અલગ પ્રાંતને "ઉત્તરપશ્ચિમી સીમાંપ્રાંત" એવું નામ આપવામાં આવ્યું. તેના વહીવટની જવાબદારીઓ કમિશનરને સોંપવામાં આવી. આ જ પ્રમાણે જુના ઉત્તરપશ્ચિમી પ્રાંતથી અવધ (અયોધ્યા) અને આગ્રાને અલગ કરીને એક સંયુક્ત પ્રાંત બનાવવામાં આવ્યું. ક્બાયલીઓનાં વિસ્તારોમાં યુદ્ધના સામાનની થતી નિકાસને પણ અંકુશમાં લાવવામાં આવી. કબાયલિઓનાં વિસ્તારોમાં થતી હિલચાલ ઉપર નજર રાખવા માટે આ ક્ષેત્રોમાં અંગ્રેજી સેનાને પણ સારા એવા પ્રમાણમાં રાખવામાં આવી હતી. કબાયલિ નેતાઓ અને આગેવાનોને પોતાના પક્ષમાં કરવા માટે કર્ઝને તેઓને આર્થિક સહાયતા પણ આપી હતી. લોર્ડ કર્ઝન દ્વારા અપનાવાયેલ " સૈનિક અને આર્થિક સહાયતાવાળી મિશ્રનીતિ " ના પરિણામે આ ક્ષેત્રમાં શાંતિ સ્થપાઈ હતી.

**અફઘાનિસ્તાન પ્રત્યેની નીતિ**

ઈ.સ. ૧૯૦૧ માં અબ્દુર્રહમાનના અવસાન બાદ હબીબુલ્લાહ અફઘાનિસ્તાનનો શાસક બન્યો. લોર્ડ કર્ઝન ઈચ્છતો હતો કે આ નવો અફઘાન શાસક અફઘાનિસ્તાન અને અંગ્રેજી સરકારની વચ્ચે થયેલી સંધિઓ અને કરારોને જાળવી રાખે, પરંતુ શાસક હબીબુલ્લાહએ તેના આ વિચાર અને પ્રસ્તાવને ઠુકરાવી દીધો. પરિણામે બ્રિટિશ સરકાર અને અફઘાનિસ્તાન વચ્ચેની સ્થિતિ વણસવા લાગી. લોર્ડ કર્ઝને અફઘાનિસ્તાનને બ્રિટીશ સરકાર દ્વારા આપવામાં આવતી આર્થિક મદદ બંધ કરી દીધી. ઈ.સ.૧૯૦૪માં લોર્ડ કર્ઝનની ગેરહાજરીમાં લોર્ડ એમ્ટહિલે હબીબુલ્લાહ સાથે ફરીથી મિત્રતાનાં સબંધો સુધારીને તેણે ફરીથી આર્થિક મદદ આપવાની શરૂ કરી હતી.

## અખાતી વિસ્તાર પ્રત્યેની નીતિ

લોર્ડ કર્ઝને ફારસ (ઈરાન)ની ખાડી કે અખાતી વિસ્તાર પ્રત્યે પણ બ્રિટીશ સરકારના હિતોની સુરક્ષા અંગેની નીતિ અપનાવી હતી. આ વિસ્તારોમાં અંગ્રેજોને છેક ૧૭મી સદીથી જ રસ પડ્યો હતો. પરિણામે અંગ્રેજોએ આ અખાતી વિસ્તારમાં ઘણીબધી જગ્યાઓએ પોતાની સત્તા જમાવી હતી. આ દરમિયાન અંગ્રેજોએ આ અખાતી વિસ્તારોમાં સમુદ્રી ડાકુઓ (ચાંચિયાઓ)ના ત્રાસને પણ સમાપ્ત કર્યો, આરબ સરદારોનાં ઝઘડાઓમાં મધ્યસ્થીઓ તરીકેની ભૂમિકા નિભાવી અને અદનથી લઈને બલૂચિસ્તાન સુધીના આ વિસ્તારમાં શાંતિ અને સુવ્યવસ્થાની સ્થાપના કરી હતી.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં રશિયા, ફ્રાન્સ, જર્મની તથા તુર્કી જેવા દેશોએ પણ આ વિસ્તારમાં રસ દાખવવાનું શરૂ કર્યું હતું. આનાથી આ વિસ્તારના બ્રિટિશ સામ્રાજ્યનાં હિતો માટેનું જોખમ ઊભું થવા લાગ્યું હતું. લોર્ડ કર્ઝને બ્રિટિશ સામ્રાજ્યના સામ્રાજ્યવાદી હિતોની રક્ષા માટે આ ક્ષેત્રમાં એક અલગ નીતિ અપનાવી.

ઈ.સ. ૧૮૯૮માં મસ્તકનાં ફ્રાંસીસી કાઉન્સીલે ઓમાનના સુલતાન દ્વારા જિસ્સાહ નામનું સ્થળ એક કોલસાના સ્ટેશનના રૂપમાં પ્રાપ્ત કરી લીધું હતું. લોર્ડ કર્ઝને ઓમાનના સુલતાનને (સરકારને) ધમકી આપી કે તેઓ ફ્રેન્ચોને આપવામાં આવેલી સુવિધાઓ અને લાભોને પાછા ખેંચી લે, નહિતર લશ્કરી કે સૈનિક કાર્યવાહી (અર્થાત્ યુદ્ધ) માટે તૈયાર રહે. તેણે કર્નલ મીડની આગેવાની હેઠળ એક યુદ્ધ જહાજ (યુદ્ધપોત)ને પણ અખાતી ક્ષેત્ર ખાતે રવાના કર્યું. અંતે ઓમાનના સુલતાનને મજબૂર થઈને પણ ફ્રાન્સને આપવામાં આવેલી સુવિધાઓ અને લાભો પાછા ખેંચી લેવાની ફરજ પડી હતી.

## તિબેટ (તિબ્બત) પ્રત્યેની નીતિ

જે સમયે લોર્ડ કર્ઝન ભારતમાં વાઈસરોય બનીને આવ્યો તે સમયે તિબેટમાં રશિયાનો પ્રભાવ વધી રહ્યો હતો. ત્યાંના ધર્મગુરુ દલાઈ લામા ઉપર રશિયાના એક વ્યક્તિ  ડોરજીફનો ખૂબ જ પ્રભાવ હતો. તેના સંબંધો રશિયાના શાસક ઝાર સાથે પણ ઘણા જ સારા હતા. તે રશિયાથી હથિયારો લાવીને તિબેટમાં ભેગા કરી રહ્યો હતો. વળી રશિયાના સમાચારપત્રો પણ દલાઈલામા અને ડોરજીફ વચ્ચેના સંબધોને મહત્વ આપી રહ્યા હતા. આવી સ્થિતિમાં અંગ્રેજોની શંકા સ્વાભાવિક હતી. આ જ દરમિયાન ઈ.સ ૧૯૦૨માં લોર્ડ કર્ઝનને રશિયા અને ચીન વચ્ચેનાં એક ગુપ્ત કરાર કે સંધિ વિશેની વિગતો પ્રાપ્ત થઇ ,જે અનુસાર ચીને તિબેટ ઉપર રશિયાનું નિયંત્રણ કે સત્તાને સ્વીકારી લીધી હતી. લોર્ડ કર્ઝનને એક પ્રતિનિધિ મંડળને તિબેટ મોકલવાનું નક્કી કર્યું. આ બાબતે લંડનમાં રહેલા રશિયાના એલચીએ તેનો વિરોધ કર્યો. આ ઘટનાએ ચીનની સરકાર અને રશિયા વચ્ચેની ગુપ્ત સંધિ કે કરારની વાતને વધારે સાચી સાબિત કરી દીધી. પરિણામે લોર્ડ કર્ઝને ગૃહ સરકાર (લંડન)ની પરવાનગી મેળવી બ્રિટીશ પ્રતિનિધિમંડળને તિબેટ મોકલવાનો નિર્ણય લઇ લીધો.

## ફ્રાન્સિસ યંગહસ્બૈડનું મિશન

માર્ચ, ૧૯૦૪માં લોર્ડ કર્ઝને ફ્રાન્સિસ યંગહસ્બૈડના નેતૃત્વમાં એક સૈનિક અભિયાનને તિબેટની રાજધાની (પાટનગર) લ્હાસા માટે રવાના કર્યું. આ કામગીરીનો મુખ્ય હેતુ તિબેટને અંગ્રેજો સાથે સંધિ કરાર કરવા માટે મજબૂર કરવાનો હતો. તિબેટીયનો પાસે હથિયારોનો અભાવ હતો. છતાં તેઓએ આ સેનાનો સામનો ઘણી જ વીરતાપૂર્વક કર્યો હતો. ગુરુ નામની જગ્યાએ થયેલા યુદ્ધમાં લગભગ 700 જેટલા તિબેટીયનો માર્યા ગયાં. છતાં પણ તેમણે વિરોધ કરવાનું છોડ્યું નહી. બ્રિટિશ સેના તિબેટીયનોને હરાવતી હરાવતી ઓગસ્ટ, ૧૯૦૪માં તિબેટની રાજધાની લ્હાસા પહોંચી. દલાઈ લામા વહીવટીતંત્રની જવાબદારીઓ ઉપરી અધિકારીઓને સોંપીને રાજધાની લ્હાસાથી બહાર જતા રહ્યા. ઘણી જ લાંબી ચર્ચાઓ બાદ લ્હાસાની સંધિ થઇ.

## લ્હાસાની સંધિ

૭ સપ્ટેમ્બર, ૧૯૦૪ના રોજ તિબેટનાં દલાઈ લામાએ અંગ્રેજ પ્રતિનિધિ ફ્રાન્સીસ યંગહસ્બૈન્ડની સાથે લ્હાસા મુકામે સંધિ કરી, જે લ્હાસાની સંધિ તરીકે ઓળખાઈ હતી. આ સંધિ અનુસાર તિબેટને યુદ્ધનાં દંડ રૂપે ૭૫ લાખ રૂપિયાની રકમ અંગ્રેજોને ચૂકવવાનું ઠરાવવામાં આવ્યું. આ રકમ પ્રતિ વર્ષ 1 લાખ રૂપિયાનાં દરથી ચૂકવવાનું ઠરાવવામાં આવ્યું. આ યુદ્ધદંડની રકમ જ્યાં સુધી ન ચૂકવાય ત્યાં સુધી (લગભગ 75 વર્ષ સુધી) તિબેટને હસ્તક ચુમ્બી ઘાટી ઉપર અંગ્રેજોનો અધિકાર રહેશે તેવું પણ સ્વીકારવામાં આવ્યું. વ્યાપારિક સુવિધાઓ માટે યાતુંગ, જ્ઞાનન્સે અને ગરટોકમાં બ્રિટીશ વેપારી કેન્દ્રો ખોલવાનું પણ નક્કી કરવામાં આવ્યું. તેની સામે અંગ્રેજોએ પણ તિબેટની આંતરિક બાબતોમાં દરમિયાનગીરી કે હસ્તક્ષેપ નહી કરવાનું વચન આપ્યું. આ ઉપરાંત એ વાત પણ નક્કી કરવામાં આવી કે તિબેટ પોતાનાં વિસ્તારમાં ઇંગ્લેન્ડ સિવાય અન્ય કોઇપણ સત્તા કે દેશોને રેલવે, તાર ટપાલ તથા રસ્તાઓ બનાવવાની સુવિધાઓ આપશે નહી. આમ, આ રીતે તિબેટની વિદેશનીતિ ઉપર અંગ્રેજોએ પોતાનું આધિપત્ય જમાવી દીધું હતું.

## લોર્ડ કર્ઝનની તિબેટની નીતિ અંગેની વિવેચના

લોર્ડ કર્ઝનની તિબેટનીતિની ઘણાં વિદ્વાનો ટીકા કરે છે અને જણાવે છે કે "કર્ઝને પોતાની ચતુરાઈથી ઈંગ્લેન્ડનાં સામ્રાજ્યવાદી અને આર્થિક હિતોને વધારવા તિબેટ અને અન્ય દેશો જેવા કે રશિયા વગેરેનાં છુપા ઈરાદાઓને કચડી નાખ્યા હતા." અન્ય વિદ્વાનોનાં મતે "કર્ઝને પોતાની તિબેટનીતિ દ્વારા એક શાંત અને નબળા સ્વતંત્ર રાજ્યમાં બિનજરૂરી હસ્તક્ષેપ કરી સત્યાનાશી વલણ અપનાવ્યું હતું." એમ પણ કહેવામાં આવે છે કે, "ફ્રાન્સિસ યંગહસ્બૈન્ડનું પ્રતિનિધિમંડળ માત્ર સામ્રાજ્યવાદી વાઈસરોયની સામ્રાજ્યવાદી પ્રવૃત્તિઓનાં સંતોષને પુરા કરવા માટે જ હતું. અને તેનો કોઈ કાયમી કે સ્થાયી લાભ થયો ન હતો."

આ અભિયાનનાં કારણે 'તિબેટમાંનો રશિયાનો પ્રભાવ તો ઓછો થઇ ગયો પરંતુ સાથે ચીનની સાર્વભૌમિકતા પણ તિબેટ ઉપર સ્પષ્ટ રૂપથી સ્થાપિત થઇ ગઈ હતી. ઈ.સ. ૧૯૦૭માં બ્રિટિશ સરકારે તિબેટ ઉપરની યુદ્ધદંડની રકમને માફ (સમાપ્ત) કરી દીધી. જાન્યુઆરી, ૧૯૦૮ સુધીમાં તિબેટની ચુમ્બી ઘાટી (ખીણ) પણ અંગ્રેજી સેનાએ ખાલી કરી દીધી હતી. સૌથી મોટી વાત એબની કે ઈ.સ. ૧૯૦૭માં અંગ્રેજ સરકાર

અને રશિયા વચ્ચે મિત્રતા થઇ ગઈ. આમ, તિબેટ પ્રત્યેની સમગ્ર નીતિ અર્થહીન અને વ્યર્થ સાબિત થઇ હતી. તેમ છતાં લોર્ડ કર્ઝનની આ નીતિથી એક વાત સ્પષ્ટ છે કે રશિયા તિબેટ ઉપર પોતાનો પ્રભાવ અને સત્તા સ્થાપવામાં સફળ ન થઇ શક્યું અને એ લોર્ડ કર્ઝનની તિબેટનીતિની એક મોટી સફળતા હતી.

**બંગાળનાં ભાગલા કે બંગ ભંગ**

લોર્ડ કર્ઝનનાં ઈ.સ.૧૮૯૯ થી ઈ.સ.૧૯૦૫નાં શાસનકાળ દરમિયાનનું સૌથી અપ્રિય કાર્ય અને જે કાર્યએ લોર્ડ કર્ઝનને લોર્ડ કર્ઝન બનાવ્યો તે હતું, બંગાળનું વિભાજન કે બંગાળનાં ભાગલા. તેણે ભારતનાં વિશાળ પ્રાંત બંગાળના ભાગલા પાડ્યા હતા. અને તેના આ કાર્યથી તે એટલો અપ્રિય અને કુખ્યાત બન્યો હતો કે આજે પણ લોકો કોઈ અપ્રિય કાર્ય કરનાર વ્યક્તિને લોર્ડ કર્ઝનનું બિરુદ કે ઉપનામ આપતા હોય છે.

૧૬ મી ઓક્ટોબર, ૧૯૦૫માં પાડવામાં આવેલા બંગાળનાં ભાગલાની પ્રક્રિયા ઘણાં લાંબા સમયથી ચાલતી હતી. પરિણામે ભારતીયોને આ વાતની જાણ પણ ઘણાં લાંબા સમયથી હતી. ભારતીયોએ આ ભાગલાનો જબરજસ્ત વિરોધ કર્યો અને બંગ-ભંગનું આંદોલન શરૂ કર્યું. આ અંદોલન રાષ્ટ્રવ્યાપી બન્યું અને બ્રિટિશ સરકારની નીતિ અને લોર્ડ કર્ઝનનાં આ કાર્યનો પ્રચંડ વિરોધ કરવામાં આવ્યો.

બંગાળનાં ભાગલાનાં વિરોધમાં થયેલ આંદોલનોએ રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામનું સ્વરૂપ લીધું અને અંગ્રેજી સરકાર સામે સૌથી મોટો સંગઠિત વિરોધ ઉત્પન્ન થયો. સ્વદેશી, બહિષ્કાર, સ્વરાજ્ય, રાષ્ટ્રીય શિક્ષા, ક્રાંતિકારી આંદોલનો વગેરે આ વિરોધનાં મુખ્ય હથિયારો બની ગયાં. આ વિરોધ એટલો બધો વધી ગયો હતો કે તેણે તત્કાલીન વ્યવસ્થા ઉપર એટલો મોટો પ્રભાવ પાડ્યો કે બ્રિટિશ સરકારને નમતું જોખવું પડ્યું અને ઈ.સ. ૧૯૧૧માં બ્રિટીશ સરકારને બંગાળનાં ભાગલાને રદ્દ કરવા પડ્યા હતા.

**લોર્ડ કર્ઝનનું મૂલ્યાંકન**

ઈ.સ. ૧૯૦૫માં લોર્ડ કર્ઝન મુખ્ય સેનાપતિ લોર્ડ કિચનર સાથે થયેલા વિવાદનાં કારણે રાજીનામું આપીને ઇંગ્લેન્ડ પાછો જતો રહ્યો હતો.

લોર્ડ કર્ઝન ભારતનાં ઈતિહાસમાં એક તીવ્ર સામ્રાજ્યવાદી વાઈસરોયનાં રૂપમાં વિખ્યાત છે. તેણે અપનાવેલ વિદેશનીતિ હોય કે આંતરિક ગૃહનીતિ આ તમામ નીતિઓ માત્ર ને માત્ર બ્રિટિશ સામ્રાજ્યવાદને પોષવા અને તેનાં વિકાસ માટે જ તેણે અપનાવી હતી. આ નીતિઓ દ્વારા તેણે બ્રિટનનાં સામ્રાજ્યવાદનાં હિતોની રક્ષા કરી. તે ભારતમાંનાં બ્રિટિશ સામ્રાજ્યવાદ અને સત્તાને વધુમાં વધુ સ્થાયી અને ચિરંજીવી બનાવવા માંગતો હતો. તેના માટે તેણે અનેક કાર્યો અને પ્રયાસો પણ કર્યા હતાં. તે વહીવટીતંત્ર ઉપર વધુને વધુ બ્રિટિશ નિયંત્રણ ચાહતો હતો. તેણે અનેક અધિનિયમો બહાર પાડી વહીવટીતંત્ર, શિક્ષણ, સ્થાનિક સ્વશાસન વગેરે અનેક ક્ષેત્રો ઉપર બ્રિટિશ નિયંત્રણો લાદી દીધા હતા. તેણે બંગાળનાં ભાગલા પાડી હિન્દુ-મુસ્લિમ વચ્ચેની વૈમનસ્યાને એટલી

હદે વધારી દીધી કે જેણે આગળ જતાં પાકિસ્તાનને જન્મ આપ્યો. તેણે ઈ.સ.૧૯૦૨માં દિલ્લીમાં ભવ્ય દરબારનું આયોજન કરીને રાષ્ટ્રવાદીઓની મજાક ઉડાવી હતી. તેણે ભારતમાં વધી રહેલી રાષ્ટ્રવાદની ભાવનાને પણ કચડવાનો પ્રયાસ કર્યો હતો. ભારતનાં તમામ વાઈસરોયોમાં સૌથી વધારે પ્રભાવશાળી હોવા છતાં લોર્ડ કર્ઝન સૌથી વધારે "ધૃણિત" – ધૃણા ઉપજાવનાર વાઈસરોય સાબિત થયો હતો.

ઇતિહાસકારોનાં માટે "લોર્ડ કર્ઝન ભારતમાં બ્રિટિશ સત્તાને મજબૂત અને ચિરસ્થાયી કરવા આવ્યો હતો, પરંતુ તે ભારતમાં આ સત્તાને માત્ર નબળી બનાવવામાં જ સફળ રહ્યો હતો." લોર્ડ કર્ઝન પોતાની કૂટનીતિમાં અસફળ રહ્યો હતો. તેણે કરેલા તમામ સુધારાઓ સામ્રાજ્યવાદી નીતિથી પ્રેરાયેલા હતાં. તેમ છતાં આ સુધારાઓથી ભારતને અમુક પ્રમાણમાં લાભ તો અવશ્ય થયો જ હતો. તેનાં જ સમયમાં ભારતમાં વૈજ્ઞાનિક શિક્ષણ અને સંશોધનોની શરૂઆત થઇ હતી. ભારતમાં આધુનિકીકરણ થયું. ઉદ્યોગ-ધંધાઓ વિકાસ પામ્યા, રેલવે, તાર, ટપાલ, રસ્તાઓ, વાહનવ્યવહાર અને એકંદરે સમગ્ર ઔદ્યોગિક વિકાસ થયો હતો. તેણે પ્રાચીન સ્મારકોની સુરક્ષા અંગે કાયદાઓ બનાવ્યો હતો. લોર્ડ કર્ઝનનાં આ સુધારાવાદી કાર્યોની ઉપેક્ષા કરી શકાય તેમ નથી. લોર્ડ કર્ઝને જે પણ કાર્યો કર્યા તેનો ભારતને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાભ તો મળ્યો જ છે. તેણે અપનાવેલ સામ્રાજ્યવાદી નીતિને લીધે ભારતમાં રાષ્ટ્રીય આંદોલન અને સ્વાતંત્ર્યસંગ્રામની પ્રક્રિયાને નકારત્મક અસર ઉપજાવી તેને વેગવંતી બનાવી. તેણે અજાણતાં જ ભારતીય રાષ્ટ્રવાદની ભાવનાને જાગૃત કરવામાં મદદ કરી હતી.

## સંદર્ભ


1. Cambridge History of India - H. H. Dodwell
2. Rise and Expansion of the British Dominion India - Alfred Lyall
3. The English in India - J. A. R. Marriot
4. An Oxford History of Modern India - Percival Spear
5. History of the French in India - G. B. Malleson
6. Rise and fulfillment of British in India - Thompson and Garratt
7. The Men who Ruled India - Philip Woodruff
8. The Decisive battles of India - G. B. Malleson
9. A History of British India - P. E. Roberts
10. The Making of British India - Ramsay Muir
11. The Oxford History of India - Sir Vincent Arthur Smith
12. History of India - K. A. Nilkanth Shastri
13. The making of Modern India - Prof. S. R. Sharma

14. A Text  Book of Modern India History  -  Srakar & Datta

15. Modern India  -  Sumit Sarkar

*******************************************************************

**શ્રી શૈલેષકુમાર જી.ચતુર્વેદી**
પી.એચ.ડી. સંશોધક
ગુજરાત યુનીવર્સીટી

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat